## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... ઊપાય કરી દીધો... ફોટોશોપનો જાણકાર છોકરો મળી ગયો છે... સભામાં કોઈ ન આવે તો પણ બે ત્રણ લાખ પબ્લિક બતાવી દેશે...!!**

# આગામી ચૂંટણીમાં દેવીપૂજક સમાજ અપક્ષ ઉમેદવાર ઉભા રાખશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના આંબેડકર હોલ ખાતે આજે બપોરના વિરાટ દેવી પુજક સંઘના તમામ સંગઠનોનું મહાગઠબંધનની સ્થાપના કરવામાં આવી હતી. તેમજ કોર કમિટીની રચના કરવામાં આવી છે. જયારે સમાજ દ્વારા જે વિસ્તારમાં દેવીપુજકના ૧૦હજારથી વધુ વોટ હશે તે સ્થળો પર અપક્ષ ઉમેદવાર ઉભા રાખવામાં આવશે તેવો ઠરાવ કરવામાં આવ્યો છે. જયારે વિરાટ દેવીપુજક સમાજ દ્વારા ટુંક સમયમાં વિધાનસભાના ઉમેદવાર જાહેર કરશે. આજે મળેલી બેઠકમાં ૪૦ વિચરતી વિમુકત જાતિઓના૪૦ સંગઠનોના પ્રતિનિધીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.




વિરાટ દેવીપુજક સંઘ છેલ્લા ઘણા સમયથી સ્પેશ્યલ એસટી કેટેગરીવાળુ અનામત મેળવવા માટે લડત ચલાવી રહ્યું છે. ઓબીસીના ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા અનામત ૪૦ વિચરતી વિમુકત જાતિઓ માટે માંગ કરી રહ્યા છે. સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છતા સરકાર આ વિરાટ દેવીપુજક સંઘની માંગ સ્વીકારતું નથી. ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શનનો યોજાયા હતા છતા સરકારના પેટનું પાણી હાલતું નથી. ત્યારે વિરાટ દેવીપુજક સંઘના પ્રમુખ રૂપસંઘભાઈ ભરભીડીયાએ આજે તમામ જાતિના સંગઠનો અને તેમના પ્રતિનિધીઓની ખાસ બેઠક આંબેડકર હોલ ખાતે બોલાવી હતી અને મહાગઠબંધનની રચના કરી હતી.

જેમાં રાવળ સમાજના પ્રમુખ પણ ખાસ હાજર રહ્યા હતા. આ બેઠકમાં કોર કમિટીની રચના કરવામાં આવી છે તેમજ અનામત મેળવવા આગામી ચુંટણીમાં જે વિસ્તારમાં દેવી પુજક સમાજ અને ૪૦ વિચરતી વિમુકત જાતિના ૧૦ હજારથી વધુ મતદારો હોય તેવા સ્થળોએ વિરાટ દેવીપુજક મહાગઠબંધનના ઉમેદવારો ઉભા રાખવામાં આવશે.તેમજ આગામી સમયમાં જે તે વિધાનસભાના ઉમેદવારો પણ જાહેર કરવામાં આવશે. આ બેઠકમાં મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહીને મહાગઠબંધનને સફળ બનાવ્યું હતું.

# શહેરના કચ્છી નાગરો દ્વારા ૪૫ વર્ષથી શક્રાદય સ્તુતિનું સમૂહપઠન

**પાટનગરની સ્થાપનાથી પ્રારંભ થયેલ નવરાત્રિમાં શક્રાદય સ્તુતિ અને શ્રાવણ માસમાં શિવ મહિમ્ન સ્ત્રોતના સમૂહપઠનની પ્રથા સમાજની નવી પેઢીએ પણ જાળવી રાખી છે**

ગાંધીનગર, તા.૫

મા આદ્યશકિત જગદંબાની આરાધનાના પર્વ નવરાત્રિની શહેરમાં રંગેચંગે ઉજવણી કરવામાં આવી જેમાં રાસ ગરબા સાથે કોઈ શ્રધ્ધાળુએ નકોરડા ઉપવાસ કર્યા તો કોઈએ નિયમિત આરતી પૂજા સ્તુતિ કર્યા હતા. ગાંધીનગરમાં એક સમાજ એવો પણ વસે છે જેના સભ્યો દ્વારા સતત ૪૫મા વર્ષે નવરાત્રિ દરમિયાન શક્રાદય સ્તુતિનું સમૂહપઠન કરવામાં આવ્યું હતું.



પાટનગરની સ્થાપના સાથે જ નવરાત્રિમાં શહેરના કચ્છી નાગર સમાજ દ્વારા પ્રારંભ થયેલ શિવ મહિમ્ન સ્ત્રોત અને શક્રાદય સ્તુતિનું સમૂહપઠન આજે ૪૫ વર્ષે પણ અવિરતપણે ચાલુ રહ્યું છે તે એક અનોખી બાબત છે. શહેરના સ્થાપનાના પ્રારંભના વર્ષોમાં અહીં સ્થાયી થયેલા કર્મચારીઓમાં કચ્છી નાગર સમાજની વસતીની સંખ્યા નોંધપાત્ર હતી અને આ સમાજના સભ્યોએ મળીને તેમના એક મંડળની રચના સમાજના અગ્રણી રતિકાન્ત વોરા અને રશેષ માંકડના વડપણ હેઠળ કરી હતી. આ સાથે જ સભ્યોએ શ્રાવણ માસ અને આસો નવરાત્રિમાં અનુક્રમે શિવ મહિમ્ન સ્ત્રોત અને શક્રાદય સ્તુતિના પઠનનો પ્રારંભ કર્યો હતો. આ સમૂહ પઠન વારાફરથી સમાજના સભ્યના ઘરે યોજવામાં આવતું હતું. જે પ્રથા આજ સુધી અકબંધ રહેવા પામી છે. આશ્ચર્યની વાત એ છે કે આ સમૂહ સ્તુતિનો પ્રથમ વારો પી.જે. ઓઝા જેઓ કચ્છી નાગર ના હોવા છતાં તેમના નિવાસસ્થાને યોજવામાં આવતો હતો કેમ કે તેમને ભૂજમાં રહેતા તેમના ભાઈને કારણે કચ્છ પર અપાર પ્રેમ હતો. આજે અનેક કચ્છી નાગરો નિવૃત્તિ પામી વતન પરત ગયા અથવા અવસાન પામ્યા પરંતુ ત્યારબાદની પેઢીએ પણ નવરાત્રિ દરમિયાન શક્રાદય સ્તુતિના સમૂહ પઠનની પરંપરા હજુ સુધી જાળવી રાખી છે.

### સ્તુતિની પુસ્તિકા પ્રસાદી સ્વરૂપે અપાઈ

સમૂહ સ્તુતિ પઠન માટે સંસ્કૃત પુસ્તિકાની ભેટ સૌ પ્રથમ ડૉ. ભાલચંદ્ર હાથીએ આપી હતી તે પહેલા દરેક સભ્યોએ પોતાના ઘરેથી પુસ્તિકા લઈને આવવું પડતું હતું. ડૉ. હાથી બાદ રશેષ માંકડ અને છેલ્લે વત્સલ વોરા તથા તરંગ હાથી દ્વારા સંયુકત રીતે પુસ્તિકા છપાવડાવી સભ્યોને પ્રસાદી સ્વરૂપે ભેટ આપવામાં આવી છે.

# ગુજરાત સ્ટેટ ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ સંસ્થામાં દિનેશભાઈ વ્યાસની પીઆરઓ કમિટિના ચેરમેન તરીકે વરણી

ગાંધીનગર, તા.૫



તારીખ ૩ ઓકટોબર ૨૦૧૭ના રોજ ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ ચાલતી સંસ્થા ગુજરાત સ્ટેટ ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના રાજય મુખ્ય કમિશનર જર્નાદન ડી. પંડયા દ્વારા વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી પાંચ વર્ષ માટે સંસ્થાની પીઆરઓ કમિટિના ચેરમેન તરીકે દિનેશભાઈ વ્યાસની વરણી કરવામાં આવી છે.




કલોલ તાલુકાના રકનપુર અને સાંતેજ પંથકમાં આવેલ મધ્યમ અને લઘુ ઉદ્યોગોના સંચાલોકની ગઈ કાલે મેલેરિયા નિર્મૂલન અંગેની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલે સરકારના આ અંગેની નિર્ણયની જાણકારી આપી ૨૦૨ ૨ સુધીના લક્ષ્યાંક વિશે વિસ્તૃત વાતો કરી હતી તો જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ સંચાલકોને સામાજિક જવાબદારીના ભાગરૂપે ફોગીંગ મશીન વસાવવા અપીલ કરી તંત્રના કાર્યમાં સહયોગ આપવા જણાવ્યુ હતુ. જિલ્લા મેલેરિયા અધિકારી મમતા દત્તાણીએ મચ્છરની ઉત્પત્તિ અટકાવવાના ઉપાયો તેમજ મેલેરિયાથી બચવા શું શું કરવું જોઈએ તેની વિસ્તૃત છણાવટ કરી સહજ સમજૂતિ આપી આપણે જ આપણા રક્ષક બનીએ તેમ કહ્યુ હતુ. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિપક જાગાણીએ પણ જનજાગૃતિ અભિયાનની જાણકારી આપી હતી. આ સમગ્ર સમારોહને સફળ બનાવવા માટે રાંચરડા પ્રા. આરોગ્ય કેન્દ્ર તેમજ ટીમ કલોલની મહેનત રંગ લાવી હતી. ૧૫૦થી પણ વધુ ઉદ્યોગ સાહસિકોએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો.

# લીંબોદરા પ્રકરણમાં આમ આદમી પાર્ટીનું આવેદનપત્ર

**આરોપીઓ જલ્દી પકડાય અને આકરી સજા થાય તે માંગણી સાથે ગાંધીનગર કલેકટરને આવેદનપત્ર અપાયું**

ગાંધીનગર, તા.૫

કલોલ તાલુકાના લીંબોદરા ગામમાં મુછો રાખવાની બાબતે દલીત યુવક પર થયેલા હિંસક હુમલા પ્રકરણમાં સાક્ષી દિગંત મહેરીયા પર પણ છરી વડે હુમલો થયો હતો. આ ઘટનાને ગંભીરતાથી લઈ આમ આદમી પાર્ટીના આગેવાનો દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટરને આજે આવેનદપત્ર પાઠવવામાં આવ્યું હતું. હુમલાખોર આરોપીઓની જલ્દી ધરપકડ થાય અને આકરી સજા થાય તે ઉપરાંત આવી ઘટના ફરી ન બને અને સમાજમાં ભયનું વાતાવરણ ઉભું ન થાય અને સમાજ વચ્ચે ભાઈચારો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવા આમ આદમી પાર્ટી દ્વારા રજુઆત કરવામાં આવી હતી.



# દહેગામ તાલુકા પંચાયતના બે સભ્યોનું ભાવિ નવમી પર અટક્યા

ગાંધીનગર, તા. ૫

દહેગામ તાલુકા પંચાયતની ચાર સામાન્ય સભામાં ગેરહાજર રહેતાં પરમાર ઈશ્વરસિંહ અમરસિંહને ગેરલાયક કેમ ન ઠેરવવા તે માટેની સુનાવણી ૯મી ઓકટો.ના રોજ રાખવામાં આવી છે.

કોઈપણ જાતનો રજા રિપોર્ટ મુક્યો ન હોવાથી સભ્ય સતત ગેરહાજર રહે તો તેને સભ્યપદેથી દૂર કરવાની પંચાયત એક્ટની જોગવાઈ હોવાથી આ અંગે સુનાવણી આપવામાં આવી છે.

આમ તો આ અધિકાર તાલુકા વિકાસ અધિકારીને સત્તાની રૂએ પ્રાપ્ત થતા હોય છે પણ પંચાયત પ્રમુખની ચૂંટણી હોવાથી આ માટે સુનાવણી રાખવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ અંગે નોટીસ પણ આપી દેવામાં આવી છે.

દરમ્યાન આજ તાલુકા પંચાયતના અન્ય એક સભ્ય નવાનગર બેઠક પરથી ચૂંટાયેલા મકવાણા કરણ રણછોડજીને બે કરતાં વધુ બાળકો હોવાથી તેમને પણ સભ્યપદેથી દૂર કરવા માટેની અરજી કરવામાં આવી છે.

આ બાબતે પણ જિલ્લાકક્ષાએ નવમી ઓક્ટો.ના રોજ સુનાવણી રાખવામાં આવી છે. આમ નવમી ઓકટો.ના રોજ બે સભ્યોના ભાવિ પર ફેંસલો થશે અને તેની સીધી અસર પંચાયત પ્રમુખની ચૂંટણી પર થતી જોવા મળશે આથી જિલ્લાના રાજકારણમાં પણ નવા સમીકરણો આગામી દિવસોમાં થશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ભાજપ અને કોંગ્રેસના એક-એક સભ્યના ભાવિ પર આ બાબતો હોવાથી રાજકીય ખેંચતાણ પણ તાલુકાના રાજકારણમાં જોવા મળી રહી છે.

# સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ હેડકવાર્ટર્સ ભારતીય વાયુદળ દિવસની ઉજવણી માટે સજ્જ

ગાંધીનગર, તા.૫

સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ હેડક્વાર્ટર્સદ્વારા નિરમા યુનિવર્સિટીમાં ૫ અને ૬ ઓક્ટોબર, ૨૦૧૭નાંરોજ બે દિવસીય ‘નો યોર એર ફોર્સ (તમારાં વાયુદળને જાણો)’ નામનું વિશેષ જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યુંહતું. આ અભિયાનનુંઉદ્ઘાટન આજે રાજ્ય કક્ષાનાં માર્ગ અને પરિવહન મંત્રી માનનીય શ્રી વલ્લભભાઈ કાકડિયાએ કર્યુંહતું. તેનો ઉદ્દેશ ગુજરાતનાં યુવાનોને ભારતીય વાયુદળ (આઈએએફ) સાથે જોડવાનો અને દેશ માટે હવાઈ યોદ્ધા બનવા પ્રેરિત કરવાનો છે.



તેનાં પ્રથમ દિવસે પેરા સેલિંગ, નેશનલ કેડેટ કોર્પ્સ દ્વારા એરો મોડલિંગ ડિસ્પ્લે, ગાર્ડ કમાન્ડો દ્વારા એક્શન અને સ્પેશ્યલ હેલિબોર્ન ઓપરેશન જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. તેમાં ભારતીય વાયુદળનાં ઉપકરણોનું પ્રદર્શન, ભારતીય વાયુદળમાં મેડિકલ/ગંભીર સારવારનાં સાધનો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં તથા યુવાન મુલાકાતીઓ માટે સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ બેન્ડ દ્વારા લાઈફ પર્ફોર્મન્સ પ્રસ્તુત કરવામાં આવ્યુંહતું. વળી ભારતીય વાયુદળનાં કેડર્સમાં ઉપલબ્ધ કારકિર્દીની વિવિધ તકો પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા કારકિર્દી સલાહ સ્ટોલ પણ ઊભો કરવામાં આવ્યો છે.

આજનાં કાર્યક્રમમાં વિશેષ અતિથિઓ, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડનાં સીનિયર એર સ્ટાફ ઓફિસર એર માર્શલ ડી એસ રાવત એવીએસએમ વીએસએમ અને નિરમા યુનિવર્સિટીનાં વાઈસ પ્રેસિડન્ટ શ્રી કે કે પટેલ હતાં.

## જૈન સોશ્યલ ગૃપ દ્વારા ૮મીએ દિવાળી શોપીંગ મેલા

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા તા. ૮-૯ ઓકટોબરના રોજ દિગંબર જૈન મંદિર વાડી, સેકટર-૨૧ ખાતે દિવાળી શોપીંગ મેલા-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. તમામ શહેરીજનોને મુલાકાત લેવા વિનંતી કરવામાં આવી છે.

**અમદાવાદ જિલ્લા પંચાયત**
**સિંચાઈ વિભાગ**
**ઓનલાઈન જાહેર નિવિદા નં. ૭/૨૦૧૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અમદાવાદ - ૩૮૦૦૦૧ ફોન નં. ૦૭૯-૨૫૫૯૮૬૮૬ Ext No. 262ની કચેરી મારફતે ઓનલાઈન ઈ-ટેન્ડર થી ગાંધીનગર જિલ્લામાં સબ.મોટર / પંપ રીપેરીંગ વર્કશોપ ધરાવતી એજન્સીઓ પાસેથી માણસા તથા કલોલ તાલુકાના વિવિધ સિંચાઈ ટ્યુબવેલના મરામતના અને રીપેરીંગની કામગીરીના વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. જેમાં જુદી જુદી ક્ષમતાના સબમર્શીબલ મોટર પંપ / સ્ટાર્ટર પેનલની મરામત અને જાળવણીના ભાવો તેમજ જુદા જુદા કેબલના અને એમ.એસ. કોલમ પાઈપ વગેરે સાધના સામગ્રી સહ કામગીરી (જોબ) કરી આપવાના કામના વાર્ષિક કરારના ધોરણે ભાવો આઈટમ મુજબના માંગવામાં આવે છે. ટેન્ડર ફીનો ડી.ડી. / અને બાનાની રકમની એફ.ડી.આર. / સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ / શોપ એસ્ટીબ્લીશમેન્ટ / ઈજારદારનું રજીસ્ટ્રેશન / બેંક સોલવંશી, પાન કાર્ડ વિગેરે સપોર્ટીંગ ડૉક્યુમેન્ટ બીડ સબમીશન સાથે ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરવાના રહેશે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી મળશે. તથા વેબસાઈટ http://www.nwr.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઈ શકશે. તેમજ માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે.

| | |
|---|---|
| બીડ ડૉક્યુમેન્ટ ડાઉનલોડ શરૂ થયાની તારીખ/સમય | તા. ૩/૧૦/૨૦૧૭ ૧૧.૦૦ કલાકથી |
| બીડ ડોક્યુમ્ન્ટ સબમીશનની છેલ્લી (બીડીંગ) તારીખ/સમય | તા. ૧૩/૧૦/૨૦૧૭ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી / બાનાની રકમ તથા અન્ય ડૉક્યુમેન્ટ રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પહોંચાડવાની તારીખ અને સ્થળ : કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ છઠ્ઠે માળ, લાલદરવાજા, જિલ્લા પંચાયત, અમદાવાદ | તા.૧૦/૧૦/૨૦૧૭થી તા. ૨૬/૧૦/૨૦૧૭ ૧૮.૦૦ કલાક સુધી (ઓફીસ સમય દરમિયાન) |
| પ્રાઈસ બીડ ઓપનીંગ | તા. ૨૭/૧૦/૨૦૧૭ ૧૨.૦૦ કલાકે (શક્ય હશે તો) |

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૪૦/૨૦૧૭-૧૮

**ગરવી ગુર્જરી**

દિવાળી ઓફર

UPTO 50% OFF



પટોળા સાડી | બાંધણી સાડી | ભરતકામ શાલ | રોગન પેઈન્ટિંગ | અઝરક બેડશીટ | ડ્રેસ મટીરીયલ | એમ્બ્રોયડરી ટોપ | બેગ | કુશન કવર | જેકેટ | સ્ટોલ્સ | વોલ હેંન્ગીગ | દુપટ્ટા | ફાઈલ ફોલ્ડર | વરલી પ્રિન્ટીંગ અને વધુ..

estoregurjari | garvigurjari6986 | gurjarimail2014 | Garvi Gurjari | Garvi Gurjari

શોરૂમ

અમદાવાદ: પંચવટી, વ્હાઈટ હાઉશ સામે | આંબાવાડી | એરપોર્ટ | અમદાવાદ હાટ |
ગાંધીનગર: સેકટર–૧૬ | કુડાસણ

ઓનલાઈન ખરીદી માટે: www.garvigurjari.in